ડીસેમ્બર -૨૦૨૪ અંતિત ત્રિમાસિક અહેવાલ
રજૂ કરવાની સમયમર્યાદા લંબાવવા બાબત

# Gujarat Real Estate Regulatory Authority

4th Floor, Sahyog Sankul, Sector - 11, Gandhinagar - 382010
Ph. No. (079)-232-58659 | Website:- https://gujrera.gujarat.gov.in

નંબર: ગુજરેરા/ઓર્ડર-૧૦૪ તારીખ: ૦૭/૦૧/૨૦૨૫

સંદર્ભ: ઓથોરીટીની તા.૦૭-૦૧-૨૦૨૫ ના રોજ નોંધ ઉપર મળેલ મંજુરી.

## ઓર્ડર-૧૦૪

ધી રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ, ૨૦૧૬ ની કલમ-૧૧(૧)(ઈ) તથા ગુજરાત રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) (મેટર્સ રીલેટીંગ ટુ ધી રીઅલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી ) રૂલ્સ, ૨૦૧૬ ના રૂલ-૧૦(ડી) ની જોગવાઈઓ તથા ગુજરેરાના તા.૧૮/૧૨/૨૦૨૪ ના ઓર્ડર-૧૦૧ ની સુચના મુજબ દરેક પ્રમોટરે પોતાના રજીસ્ટર્ડ પ્રોજેકટ સંબંધી નિયત વિગતો દર્શાવતો ત્રિમાસીક અહેવાલ ગુજરેરાના પોર્ટલ પર નિયત સમયમાં રજુ કરવાનો રહે છે.

અત્રેની કચેરી દ્વારા ત્રિમાસિક પ્રગતિ અહેવાલ, (QPR) ભરવાની પ્રક્રિયાના સરળીકરણના ભાગરૂપે, તાજેતરમાં કરેલ હુકમ નંબર - ૧૦૧ તારીખ-૧૮/૧૨/૨૦૨૪ અનુસાર ઓક્ટોબર, નવેમ્બર અને ડિસેમ્બર-૨૦૨૪ અંતિત ત્રિમાસિક સમયગાળા માટેના ભરવાના થતા ત્રિમાસિક પ્રગતિ અહેવાલ (QPR), તારીખ.૦૧/૦૧/૨૦૨૫ થી તા.૦૭/૦૧/૨૦૨૫ દરમ્યાન ભરી શકાય તેવી જોગવાઈ કરવામાં આવેલ.

આજ રોજ રેરા પોર્ટલ પર ઉપસ્થીત થયેલ ટેકનીકલ ક્ષતી ને ધ્યાને લઈ ડિસેમ્બર-૨૦૨૪ અંતિત ત્રિમાસિક અહેવાલ (QPR) તા.૦૭-૦૧-૨૦૨૫ સુધી રજૂ કરવાની સમયમર્યાદા **ખાસ કિસ્સામાં વધારીને તા.૧૦-૦૧-૨૦૨૫ રાત્રીના કલાક ૧૨:૦૦ સુધી** લંબાવવામાં આવે છે.

આ પ્રકારે ત્રિમાસિક પ્રગતિ અહેવાલ (QPR) ભરવાની તારીખ ખાસ કિસ્સામાં લંબાવવામાં આવેલ હોય, આ હુકમને પુર્વ દ્રષ્ટાત તરીકે લઈ શકાશે નહી.

સચિવ
ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી
ગાંધીનગર